# અંબાજી ખાતે મહા મેળામાં બનાસકાંઠાના ૧૫૦૦ હોમગાર્ડઝ જવાનો તૈનાત કરાશે

## પાલનપુર ખાતે જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ

પાલનપુર, તા. ૩

વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમ મહા મેળામાં માનવ મહેરામણ ઉમટી પડે છે ત્યારે આગામી મેળામાં પોલીસ સાથે હોમગાર્ડઝના જવાનો પણ ફરજમાં જોડાય તે માટે પાલનપુર ખાતે ડી.વાય.એસ.પી. અને જિલ્લા કમાન્ડન્ટ બી.એ. ચાવડાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં અંબાજી ખાતે બનાસકાંઠા જિલ્લા હોમગાર્ડઝના ૧૫૦૦ જવાનો તૈનાત કરાશે.



અંબાજી ખાતે તા. ૨૨ સપ્ટેમ્બરથી શરૂ થનાર ભાદરવી પૂનમ મહા મેળાનું ગુજરાત સહિત અન્ય રાજ્યોમાંથી શ્રદ્ધાળુઓ માતાજીના ચરણોમાં શિષ નમાવી ધન્યતા અનુભવે છે. મહા મેળામાં આવતા લાખો લોકોની સુરક્ષા માટે પોલીસતંત્ર પણ સજ્જ થયું છે. અંબાજી ખાતે મેળા દરમ્યાન પોલીસ સાથે હોમગાર્ડઝના જવાનો પણ ખડે પગે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવે છે. ત્યારે પાલનપુર ખાતે ડી.વાય.એસ.પી. અને જિલ્લા કમાન્ડન્ટ બી.એ. ચાવડાના અધ્યક્ષ સ્થાને બનાસકાંઠા જિલ્લાના હોમગાર્ડઝના અધિકારીઓ સાથે ભાદરવી પૂનમ મેળા બંદોબસ્તમાં વધુમાં વધુ હોમગાર્ડઝના જવાનો જોડાય તે માટે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. બેઠકમાં હોમગાર્ડઝ તાલુકા યુનિટ ડીસા ઓફિસર કમાન્ડીંગ અને પ્લાટુન કમાન્ડર અમૃતભાઈ આલ દ્વારા જિલ્લા કમાન્ડન્ટ બી.એ. ચાવડા અને નાયબ સુબેદાર કે.ડી. ઝાલાને ફુલહાર તેમજ શ્રીફળ આપી આવકાર્યા હતા. આ પ્રસંગે બનાસકાંઠા જિલ્લા હોમગાર્ડઝના હેડ ક્લાર્ક જયંતીભાઈ પરમાર, અમૃતભાઈ આલ સહિત યુનિટ અધિકારીઓ અને પા. ટા. ક્લાર્ક ઉપસ્થિત રહ્યા હતા.





## મોડાસા નગરપાલિકાતંત્ર દ્વારા શહેરના મુખ્યમાર્ગો પર રખડતા ઢોરોને પકડવા શો બાજી

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના મુખ્ય માર્ગો પર રખડતા પશુઓથી ટ્રાફિક સમસ્યા માથાના દુખાવા સમાન બની છે. મોડાસા શહેરમાં રખડતી ગાયોને કેટલાય રાહદારીઓને અડફેટે લેવાની ઘટનાઓ છાશવારે બની રહી છે. ગુરૂવારે નગરપાલિકાતંત્ર દ્વારા બપોરના સમયે રખડતા ઢોરોને પાંજરે પુરવા શૉ બાજી કરતા નજરે પડતા હોય તેવું જણાઈ રહ્યું હતું. મોડાસા શહેરના લોકોની અવર-જવરથી ભરચક વિસ્તાર એવા બસસ્ટેન્ડની બાજુમાં આવેલી લીયો પોલીસ ચોકીની સામે રખડતી ગાયોના ટોળેટોળા ખડકાયા હતા. જ્યારે નગરપાલિકાતંત્ર રખડતા ઢોરને પકડવા દોડધામ કરતુ નજરે પડતુ હતુ.

(તસવીર : જય અમીન, મોડાસા)

# ગુજરાતે યાત્રાધામોને સુવિધા સભર બનાવ્યા : મુખ્યપ્રધાન

## તમામ શ્રદ્ધાળુઓને વધુ સુવિધા મળે તેની ખાતરી કરાઇ છે : બહુચરાજીમાં ૨૨ કરોડના ખર્ચે કામોનું લોકાર્પણ

અમદાવાદ, તા.૩

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે રાજયના પવિત્ર યાત્રાધામો અને પ્રવાસન સ્થાનોને જન સહયોગ અને સુશાસનની સહિયારીઓ વિશ્વ પ્રસિદ્ધ સવલતોયુક્ત બનાવ્યા છે તેમ ગૌરપૂર્વક જાહેર કર્યું હતું. તેમણે કહ્યું કે, અગાઉ આપણા શ્રદ્ધા સ્થાનકો-



યાત્રાધામો ઉપેક્ષિત સ્થિતિમાં હતા. ૫૦-૫૦ વર્ષ શાસન કરનારાઓને આ તૂર્થસ્થાનો, પ્રવાસન ધામોના વિકાસની કોઈ સીઝ ન હતી. નરેન્દ્ર મોદીની સરકારે મંદિરો, પ્રવાસનધામોને વિશ્વ ઓળખ અપાવી છે.

મુખ્યમંત્રીએ ઉત્તર ગુજરાતના પવિત્ર યાત્રાધામ બેચરાજીમાં આજે યાત્રીક સુવિધાના રૂપિયા ૨૨ કરોડના કામો પ્રજાર્પણ કર્યા હતા. આનંદીબેને બહુચર માતાના ભક્તિભાવપૂર્વક પૂજન-અર્ચન પણ કર્યા હતા. મુખ્યમંત્રીએ ઈતિહાસના પાનાઓમાં વિસરાઈ ગયેલ સ્થાનોને પવિત્રભૂમિ તરીકે રાષ્ટ્રપ્રેમ ઉજાગર કરનારા દેશભક્તિ ધામો જેમ વિકસાવવાની ગુજરાતની ભાજપા સરકારની પહેલની દૃષ્ટાંતસહ ભૂમિકા આપી હતી. તેમણે યાત્રાધામોમાં આવનારા યાત્રિકોને સવલતમ મળે સાથે જ સ્થાનિક યુવા રોજગાર મેળવે તેવા સુદૃઢ આયોજનની ગુજરાતમાં થયેલી પ્રગતિની રૂપરેખા આપી હતી. આનંદીબેને યાત્રા સ્થાનકોની ચોખ્ખાઈ, પવિત્રતા અકબંધ રહે સાથે પ્રવાસન આકર્ષણ સહુલિયત વિકસે અને દેશ-વિદેશના યાત્રિકો માટે વારંવાર આવવાનું મન થાય તેવા બને તેવી નેમ દર્શાવી હતી.ગૃહ રાજયમંત્રી રજનીભાઈ પટેલ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, છેલ્લા દસ વર્ષમાં બહુચરાજીનો વિકાસ થયો છે અને યાત્રીકોની સુવિધાઓમાં વધારો થતાં પ્રવાસીઓની સંખ્યામાં ખુબ જ વધારો થયો છે સાથે સાથે તેની આજુબાજુ ઉદ્યોગોના વિકાસ થતાં રોજગારીની તકો વધુ છે. કાયદા મંત્રી પ્રદીપસિંહ જાડેજાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, યાત્રાધામોનાં વિકાસ કરી યાત્રીકોને અનેક સુવિધાઓ પુરી પાડવામાં આવેલ છે. બહુચરાજીમાં વર્ષે ૭૫ લાખ જેટલા યાત્રાળુઓ આવે છે. તેમના માટે આ કામોનું લોકાર્પણ કરવામાં આવેલ છે. આ પ્રસંગે યાત્રીકોના રોકાણ માટે ૩૨૯ લાખનાં ખર્ચે બનેલ પોપટ વસા યાત્રીક ભવન ૧૭૦૬ લાખના ખર્ચે યાત્રીક સુવિધા માટે બનાવેલ એરાઈવલ પ્લાઝા અને ૧૩૪ લાખના ખર્ચે તૈયાર કરાયેલ પાલખી રથનું મુખ્યમંત્રીએ લોકાર્પણ કર્યુ હતું. જ્યારે બહુચરાજીના વિકાસ માટે અંદાજિત ૭૩ કરોડના વિકાસ કામોની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં પ્રવેશ દ્વારા રિનોવેશન, વિજ પુરવઠો આઈ ટી આઈનું મકાન તથા સરકીટ હાઉસનો સમાવેશ થાય છે.

# લીંભોઈ પ્રાથમિક શાળામાં બાળકોને આઈકાર્ડ અને શૈક્ષણિક કિટનું વિતરણ કરાયું

મોડાસા, તા. ૩

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના લીંભોઈ ગામના મહાકાળી ગ્રુપ દ્વારા લીંભોઈ પ્રાથમિક શાળાના બાળકોને આઈકાર્ડ અને અભ્યાસ કિટનું



વિતરણ કરવામાં આવ્યું હતું. લીંભોઈ પ્રાથમિક શાળા દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો અને વાલી સંમેલન યોજવામાં આવ્યું હતું. ગામલોકોએ મહાકાળી ગ્રુપની સેવાકિય પ્રવૃત્તિને બિરદાવી હતી.

મોડાસા તાલુકાના લીંભોઈ ગામના મહાકાળી ગ્રુપ દ્વારા સમગ્ર ગુજરાતની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકો માટે સૌપ્રથમ વાર પહેલ કરી લીંભોઈ ગામની પ્રાથમિક શાળાના બાળકોને ઓળખકાર્ડનું વિતરણ કરાયું હતું જેની સાથે ઓળખકાર્ડના તમામ બાળકોના બ્લડગ્રુપનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. લીંભોઈ પ્રાથમિક શાળાના ૩૧૦થી વધારે બાળકો ગળામાં આઈકાર્ડ લગાવી આનંદિત બની ગયા હતા. સાથે વિદ્યાર્થીઓને અભ્યાસમાં ઉપયોગી તેવી અભ્યાસ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. લીંભોઈ પ્રાથમિક શાળા દ્વારા શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને અને વાલીગણને શિક્ષણ અને સંસ્કારનું માર્ગદર્શન આપવા માટે શિક્ષણ તજજ્ઞ ડૉ. જીગ્નેશ સુથાર (શબ્દસેતુ અરવલ્લી) અને સમાજસેવી નિલેષભાઈ જોષી (જીવદયાપ્રેમી) દ્વારા વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. વાલી સંમેલનમાં તમામ બાળકોના માતા-પિતા હાજર રહી તેમના બાળકો દ્વારા કરવામાં આવેલા સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળી લાગણીસભર થઈ ગયા હતા. લીંભોઈ પ્રાથમિક શાળાના આચાર્ય ભાવેશ ઉપાધ્યાય દ્વારા મહાકાળી ગ્રુપના અશોકભાઈ ત્રિવેદી, હિતેન્દ્ર જોષી, ઈશ્વરભાઈ ત્રિવેદી, ભીખાભાઈ પરમાર, વસંતભાઈ દરજી, પૂર્વ આચાર્ય ગીરીશભાઈ ઉપાધ્યાયનો સેવાકીય પ્રવૃત્તિઓ અને બાળકોને જરૂરીયાત એવી અભ્યાસકીટ અને આઈકાર્ડનું વિતરણ કરવા માટે આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું લીંભોઈ પ્રાથમિક શાળાના શિક્ષણગણ દ્વારા સફળ સંચાલન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લીંભોઈ ગામના અગ્રણીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઢોર ચરાવવા બાબતે અજેપુરના યુવકને કુહાડી મારતા ફરિયાદ

હિંમતનગર, તા. ૩

વિજયનગર તાલુકાના અજેપુર ગામે ગત ૩૦ મી તારીખને બપોરે ૧૨ વાગ્યે જંગલમાંથી ઢોર ચરાવી ઘરે જતા યુવકને ગામની ત્રણ વ્યકિતએ ઢોર ચરાવવા બાબતે ગડદાપાટુનો માર મારી કુહાડી મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા યુવકે બુધવારે સાંજે વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની વિગત એવી છે કે અજેપુર ગામના દિગ્વીજયસિંહ અમૃતભાઈ અસારી ગત તા.૩૦ ઓગષ્ટે જંગલમાંથી ઢોર ચરાવી ઘરે પરત આવતો હતો, ત્યારે ગામના જ ખરાડી નારણ ખાતુ, રાજુબેન ખરાડી, મહેન્દ્ર ખરાડી જંગલ જમીન ખેડતા હતા. તેમણે દિગ્વીજયસિંહને તું અમારી જમીનમાં ઢોર કેમ ચરાવે છે. આ જમીન અમારી છે, તારે આ બાજુ આવવું નહિ તેમ કહી તકરાર કરી હતી. જેથી દિગ્વીજયસિંહે હું તમારા ખેતરમાં ઢોર ચરાવતી નથી તેમ જણાવતા નારણ ખરાડીએ દિગ્વીજયસિંહને અપશબ્દો બોલ્યા હતા. જેથી દિગ્વીજયસિંહે અપશબ્દો બોલવાની ના પાડતા નારણ તેની પત્નિ રાજુબેન અને તેનો દિકરો મહેન્દ્ર એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને ત્રણેય જણાએ ગડદાપાટુનો માર મારી નારણે કુહાડી મારતા દિગ્વીજયસિંહ ઘવાયો હતો. જે અંગે દિગ્વીજયસિંહે નારણ ખરાડી, રાજુ ખરાડી, મહેન્દ્ર ખરાડી વિરૂધ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કોટડામાં દવા પી જતા યુવકનું મોત : ઝુમસર છાપરાની મહિલાએ ગળેફાંસો ખાધો

હિંમતનગર, તા. ૩

પોશીના તાલુકાના કોટડા ગામે તાજેતરમાં એક યુવાને અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતાં તેનું સારવાર દરમિયાન મોત નિપજયુ હતું. તેમજ ભિલોડા તાલુકાના ઝુમસર છાપરા ગામે બુધવારે એક મહિલાએ જાતે જ ગળાફાંસો ખાઇ લેતા સ્થાનિક પોલીસે ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગેની વિગત એવી છે કે કોટડા ગામે રહેતા શંકરભાઇ ધુળાભાઈ ગમાર (ઉ.વ.૩૫) એ ગત રવિવારે રાત્રે અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતાં તેમને સારવાર માટે ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. જયાંથી વધુ સારવાર માટે હિંમતનગર સિવિલમાં લવાયા હતા. જયાં તેમનું બુધવારે મોત નિપજયુ હતું. જે અંગે મેડીકલ ઓફીસર આર.કે.વર્માએ ખેરોજ પોલીસને જાણ કરી હતી. તેજ -માણે ઝુમસર છાપરા ગામે રહેતા શાંતાબેન દાનજીભાઈ અસારી (ઉ.વ.૫૧)એ બુધવારે પોતાના ઘરમાં જ અગમ્ય કારણોસર સાડી વડે ગળાફાંસો ખાઇ જીવન ટૂંકાવી દીધુ હતું. જે અંગે ઝુમસર છાપરાના દાનજીભાઈ અસારીએ ભિલોડા પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

### સોલા પોલીસ સ્ટેશનમાં હાર્દિક વિરુદ્ધ એફ.આઈ.આર.

અમદાવાદ, તા.૩

પાટીદાર સમુદાયમાં વિભાજનની સ્થિતિ જોવા મળી રહી છે. હાર્દિક પટેલની વિચારધારાનો વિરોધ કરવા અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં સત્તાધાર ચાર રસ્તા ઉપર પાટીદારો દ્વારા હાર્દિક પટેલના પુતળાનું દહન કરવામાં આવ્યુંહતું. બીજીબાજુ હાર્દિક પટેલ સામે સોલા પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર પણ દાખલ કરવામાં આવી હતી.સોલા પોલીસ દ્વારા સમગ્ર મામલામાં તપાસ હાથ ધરવામાં આવી છે. અરાજકત્તા ફેલાવવાનો આક્ષેપ હાર્દિક પર કરાયો છે.

## કંપની સમાચાર

### સ્વિત્ઝર્લેન્ડ ટુરિઝમ ગુજરાતના પ્રવાસીઓ માટે લાવે છે સ્વિત્ઝર્લેન્ડની ગ્રાન્ડ ટુર અને ગ્રાન્ડ ટ્રેન ટુર

સ્વિત્ઝર્લેન્ડ ટુરિઝમે પાનખર મોસમમાં ગુજરાતના પ્રવાસીઓને આકર્ષવાના હેતુથી બે પ્રમોશનલ કેમ્પેન લોંચ કરી છે. આલ્પાઈનની મનમોહક પર્વતમાળા ધરાવતા દેશમાં પશ્ચિમ ભારતના પ્રવાસીઓમાં ઉછાળો જોવા મળ્યો છે, ત્યારે આ કેમ્પેન રજૂ કરાઈ છે. ગુજરાતીઓ શિયાળામાં સ્વિત્ઝર્લેન્ડ જવા સજ્જ થઈ રહ્યા છે ત્યારે આ પ્રસંગે સત્તાવાર વિન્ટર લોંચ કરવામાં આવ્યું છે.

ગ્રાન્ડ ટુર ઓફ સ્વિત્ઝર્લેન્ડ ૧૬૦૦ કિલોમીટર લાંબી રોડ ટ્રીપ છે, જે એક સુંદર મુસાફરીમાં દેશના અત્યંત લોકપ્રિય ટુરિસ્ટ અને નેચરલ ડેસ્ટીનેશન્સને સાંકળી લે છે. પ્રવાસીઓ જયુરિક, જીનિયા, બાસેલ, લુગાનો વગેરે વિવિધ સ્થળોએથી આ મુસાફરીનો પ્રારંભ કરી શકે છે અને તેને અલગ અલગ મુસાફરીમાં પણ વિભાજીત કરી શકે છે. ગ્રાન્ડ ટુર ઓફ સ્વિત્ઝર્લેન્ડમાં તમને તમારી પસંદગી પ્રમાણે સ્વિત્ઝર્લેન્ડના વિવિધ ચહેરા જોવા મળશે. ઉનાળામાં આ પ્રમોશનને અભૂતપુર્વ પ્રતિસાદ મળ્યો હતો, જેમાં અનેક પર્યટકોએ કાર દ્વારા સ્વિત્ઝર્લેન્ડને માણ્યું હતું અને આગામી પાનખર મોસમ પણ આ દેશને ખુંદવા માટે સંપૂર્ણ મોસમ છે.

બીજું કેમ્પેઈન છે 'ગ્રાન્ડ ટ્રેન ટુર ઓફ સ્વિત્ઝર્લેન્ડ'. ભારતીયો ટ્રેનમાં ટ્રાવેલ કરવાના શોખીન છે અને તેઓ સ્વિત્ઝર્લેન્ડ ટ્રાવેલ પાસના સૌથી વધુ વપરાશકાર છે. નામ પરથી જ જણાઈ આવે છે કે આ ટુરમાં પ્રવાસીઓને ગ્લેશિયર એક્સપ્રેસ અને ગોલ્ડન પાસ જેવા સ્વિત્ઝર્લેન્ડના લોકપ્રિય અને ખૂબસુરત ટ્રેન રૂટ્સ દ્વારા પ્રવાસ કરાવવામાં આવે છે.

# નવરાત્રી પહેલા જ સેમેસ્ટર પરીક્ષા પરિપૂર્ણ કરી દેવાશે

## તમામ વિદ્યાશાખાને સેમેસ્ટર-૧,૩,૫ની પરીક્ષા ૧૬મી ઓક્ટોબર પહેલા પૂર્ણ કરવા માટે યુનિવર્સિટીનો આદેશ

અમદાવાદ, તા.૩

ગુજરાત યુનિવર્સિટી દ્વારા એક પરિપત્ર જાહેર કરીને તમામ વિદ્યાશાખાનાં સેમેસ્ટર ૧,૩ અને ૫ની પરીક્ષા ૧૬ ઓક્ટોબર સુધીમાં પૂર્ણ કરવા માટે આદેશ આપવામાં આવ્યો છે. જે અંતર્ગત તમામ વિદ્યાશાખાઓની પરીક્ષા મોડામાં મોડી પહેલી ઓક્ટોબર સુધીમાં શરૂ કરી દેવી પડશે. જે અંગે તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને પરીક્ષાનો કાર્યક્રમ ટુંક સમયમાં જાહેર કરવામાં આવશે.

ગુજરાતમાં હજુ કોમર્સ વિદ્યાશાખાનાં બી.કોમ, બીબીએ, બીસીએ, એમબીએ અને એમસીએમાં તેમજ એલએલ.બીમાં પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે. ત્યાં યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ અને એકેડેમિક વિભાગ દ્વારા યુનિવર્સિટી સંલગ્ન દરેક કોલેજોને પરિપત્ર પાઠવીને તમામ વિદ્યાશાખાઓનાં સેમેસ્ટર ૧,૩ અને ૫ની પરીક્ષા વધુમાં વધુ ૧૬ ઓક્ટોબર સુધીમાં પૂર્ણ કરી દેવા આદેશ કર્યો છે. જેના કારણે વિદ્યાર્થીઓમાં ભારે નારાજગી પ્રસરી છે. યુનિવર્સિટીમાં હજી પ્રવેશ પ્રક્રિયાનાં ઠેકાણા નથી. તેમજ સાયન્સમાં પણ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કર્યે હજી માંડ બે સપ્તાહ જેટલો સમય થયો છે. ત્યારે આવા સંજોગોમાં મોટાભાગની વિદ્યાશાખાઓમાં હજી માંડ અભ્યાસક્રમ શરૂ કર્યો છે. ત્યારે ૧૬ ઓક્ટોબર પહેલા પરીક્ષા ફરજીયાત પણે પૂર્ણ કરવાનાં યુનિવર્સિટીનાં આદેશને પગલે મોડામાં મોડા પહેલી ઓક્ટોબર સુધીમાં પરીક્ષા શરૂ કરવી પડે તેવી સ્થિતી સર્જાવા પામી છે. એટલે કે વિદ્યાર્થીઓને અભ્યાસ માટે હવે માંડ ૨૭ દિવસનો સમયગાળો મળશે. યુનિવર્સિટીએ પરિપત્રમાં સ્પષ્ટ જણાવ્યું છે કે, બી.કોમ સાથે બી.એસસી અને બી.એમાં પણ પરીક્ષાઓની તારીખમાં કોઈ ફેરફાર નહીં કરવામાં આવે. આ અંગે ગુજરાત યુનિવર્સિટીના પરીક્ષા નિયામક દશરથ પટેલના જણાવ્યા અનુસાર જે વિદ્યાર્થીઓએ પ્રવેશ મોડો મેળવ્યો છે તેઓ માટે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવશે નહીં. આગામી દિવસોમાં બીએસસી અને બી એ ફર્સ્ટ યર માટે પરીક્ષાઓની તારીખ જાહેર કરાશે. ઉલ્લેખનીય છે કે, ચાલુ વર્ષે શૈક્ષણિક સત્ર શરૂ થયાના બે મહિના સુધી પ્રવેશપ્રક્રિયા ચાલુ રહી હતી.

### આવાસોનો કબજો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મકાનો ફાળવવામાં આવ્યા હતાં. જયારે મકાન ફાળવણીની પ્રક્રીયાને પણ દોઢ વર્ષ જેટલો સમય વીતી ગયો છે. ત્યારે હવે ગુડા દ્વારા લાભાર્થીઓને આવાસો ફાળવવાની તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. ગુડા દ્વારા બે તબક્કામાં આવાસોની ફાળવણી કરવામાં આવશે. જેને અનુલક્ષી પ્રથમ તબક્કામાં સપ્ટેમ્બર મહિનાના બીજા સપ્તાહમાં આવાસોનો કબજો સોંપી દેવામાં આવશે.જયારે બાકીના આવાસોનો કબજો પણ બીજા તબક્કામાં સોંપી દેવાશે. જો કે આવાસોનુ અધુરુ કામ પૂર્ણ થયા બાદ આવાસોનો કબજો લાભાર્થીઓને સોંપવામાં આવશે. આવાસ યોજનાનુ સંપુર્ણ કામ પૂર્ણ થતા હજુ બે મહીના જેટલો સમય લાગશે. જયારે ગુડા દ્વારા એમ આઈ જી કેટેગરીના આવસો બાંધવા માટે નજીકના વિસ્તારમાં સાઈટ પણ નક્કી કરી દેવામાં આવી છે. ટુંકમાં જ આ નવી યોજનાને અનુલક્ષીને ફોર્મ વિતરણ પણ શરૂ કરી દેવામાં આવશે. શહેરી વિસ્તારની નજીક પોશ એરીયામાં ગુડા દ્વારા નવી આવાસ યોજનાનુ નિર્માણ કરવામાં આવશે.

### પર્વોની મોસમ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બોળ ચોથ બાદ નાગપાંચમ અને આજે રાંધણછઠ્ઠની ઉજવણી ઉત્સાહભેર થઈ રહી છે. આવતીકાલે સાતમના દિવસે ટાઢુ ખાઈ ઉપવાસ કરવાનો હોઈ રાંધણ છઠ્ઠના દિને મોટાભાગની ગૃહિણીઓએ આખો દિવસ રસોડામાં પસાર કર્યો હતો. સાતમ બાદ આઠમ એટલે કે જન્માષ્ટમીની ઉજવણી પણ શહેર-જિલ્લામાં ધામધૂમથી કરવામાં આવશે. ગાંધીનગર શહેર સહિત જિલ્લામાં કેટલાક સ્થળોએ મેળાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. મંદિરોમાં અને વસાહતોમાં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણીની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

સાતમ-આઠમનું મહત્વ સૌરાષ્ટ્રમાં વધુ હોઈ અહીં વસતા ત્યાંના વતનીઓ વતન જવા રવાના થયા છે. વળી રજાઓનો મેળ પણ ખુબ સારો થતો હોઈ નાના-મોટા પ્રવાસોનું આયોજન પણ આ દિવસો દરમ્યાન થઈ રહ્યું છે. સાતમ-આઠમ બાદ પણ તહેવારોનો સીલસીલો જારી રહેશે. ૧૭મીએ ગણેશ ચતુર્થી અને સંવત્સરીની ઉજવણી કરવામાં આવશે. એક પછી એક આવતા તહેવારોના કારણે સરકારી કચેરીઓમાં ખુબ ઓછો સ્ટાફ જોવા મળી રહ્યો છે. શાળા-કોલેજોમાં પણ વિદ્યાર્થીઓની ગેરહાજરી ઉડીને આંખે વળગે છે.

### દાંડીયાત્રા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

યાત્રા નવસારી, સુરત, આણંદ, ખેડા, ભરુચ, ગાંધીનગર જિલ્લામાંથી પસાર થશે. ઓલપાડ, અંકલેશ્વર, માંગરોળ, બોરસદ તાલુકામાં પણ પાટીદારોની અનામત કુચ આગળ વધશે. આક્રમક કાર્યક્રમો તૈયાર કરી લેવામાં આવ્યા છે.

### સેંકડો ફ્લેટો... ● ત્રીજા પાનાનું ચાલુ

લઈને બિલ્ડરોએ ઘણી બધી સ્કિમો તો બનાવી દિધી છે પરંતુ સમગ્ર દેશની સાથે ગાંધીનગર શહેર અને નવા ડેવલોપ થઈ રહેલા ન્યુ ગાંધીનગર વિસ્તારમાં પણ મંદીની અસર જોવા મળી રહી છે. ન્યુ ગાંધીનગરમાં તેમજ ત્યાંથી અમદાવાદ સુધીના વિસ્તારમાં બિલ્ડરોએ ફલેટોની ઘણી સ્કિમો મુકી છે. આ વિસ્તારમાં હાલ ફલેટો તો બનાવવામાં આવ્યા છે પરંતુ આ મંદીની માર સહન કરી રહેલા ફલેટોમાં કોઈ રહેવા નથી આવતું.

ન્યુ ગાંધીનગર બહારથી જોઈએ તો જરૂર ડેવલોપ લાગે છે પરંતુ ઉચીં ઈમારતોમાં કોઈ રહેવા નહીં આવવાને કારણે આ વિસ્તાર ભેંકાર ભાસે છે. એટલુ જ નહીં, સુવિધાથી સભર અદ્યતન ફલેટો તેમજ એપાર્ટમેન્ટે બની ગયા છે. પરંતુ આ મકાનોનો મંદીને કારણે સોદો થતા નથી. આ તૈયાર ફલેટો બંગલાઓ વેચાણ ન થતાં સુમસુમ બની જતાં ખંડેર સમા લાગી રહ્યા છે.ન્યુ ગાંધીનગરમાં આવેલી અનેક સ્કિમોમાં હજ્જારો ફલેટો મકાન તો બની ગયા પરંતુ કોઈનું ઘર બની શકયા નથી.


નં.પાનસેસ/સ્ટ્રીટલાઈટ/૧૭૭૨/૨૦૧૫-૧૬

નગર સેવા સદન
પાલનપુર
તા. ૨૮/૮/૨૦૧૫

**પાલનપુર નગરપાલિકા**

**જાહેર નિવિદા**

સરકારશ્રીની માન્ય શ્રેણીમાં રજીસ્ટર્ડ ઈજારદારો પાસેથી વિવિધ ગ્રાન્ટ અંગર્ગત સ્ટ્રીટ લાઈટની કામગીરી રૂ. ૬૫.૦૦ લાખ કામગીરી માટે ઈ-ટેન્ડરીંગથી ઓનલાઈન ટેન્ડરો મંગાવવામાં આવે છે. ટેન્ડર ડૉક્યુમેન્ટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે.

(૧) ઓનલાઈન સબમીશન શરૂ : તા. ૩૧/૮/૨૦૧૫ ૧૨:૦૦ ક.થી
(૨) ઓનલાઈન સબમીશન બંધ : તા. ૭/૯/૨૦૧૫ ૧૮:૦૦ ક. સુધી
(૩) ફીઝીકલ ડોક્યુમેન્ટ સબમીશન : તા. ૧૦/૯/૨૦૧૫ ૧૮:૦૦ ક. સુધી
(૪) ઓનલાઈન ટેન્ડર કોલવા : તા. ૧૧/૯/૨૦૧૫

કોન્ટ્રાક્ટરે જરૂરી ડૉક્યુમેન્ટ, ટેન્ડર ફી અંગેના ડીડી તથા EMD (FDR) ફરજીયાત પણ સ્કેન કરી ઓનલાઈન સબમીશન કરવાના રહેશે. અન્યથા ટેન્ડર ખોલવામાં આવશે નહિ. ટેન્ડર ડૉક્યુમેન્ટ ફક્ત આર.પી.એ.ડી.થી સ્વીકારવામાં આવશે.

| એસ. કે. ગરવાલ | શાંન્તીલાલ પી. પઢિયાર | હસમુખ એમ. પઢિયાર |
|---|---|---|
| મુખ્ય અધિકારી | ચેરમેનશ્રી સ્ટ્રીટ લાઈટ | પ્રમુખશ્રી |
| પા. મ્યુ. | કમિટિ પા. મ્યુ. | પા. મ્યુ. |